INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૫-૦૬-૨૦૨૬**

- **ગુજરાતની ફાર્મા કેપિટલમાં ડ્રગ્સ-હવાલા નેટવર્કના આરોપો અત્યંત ગંભીર : EDના દરોડા બાદ મોટો સવાલ: ફાર્મા કંપનીઓના ગેરકાયદે નેટવર્ક પાછળ કોણ?**
- **ગુજરાતની ફાર્મા ઈન્ડસ્ટ્રી પર ડાઘ: જવાબદારી કોણ લેશે?**
- **ડ્રગ્સ-હવાલા નેટવર્કના આરોપો: શું માત્ર કંપનીઓ જ કે પછી કોઈ રાજકીય છત્રછાયા પણ?**

ગુજરાત દેશનું સૌથી મોટું ફાર્મા ઉત્પાદન કેન્દ્ર છે. શું સરકાર સમગ્ર મામલે "વ્હાઈટ પેપર" જાહેર કરીને જણાવશે કે કઈ કંપનીઓ તપાસ હેઠળ છે, કેટલા પ્રમાણમાં ગેરકાયદે નિકાસ થઈ અને નિયમનકારી તંત્ર ક્યાં નિષ્ફળ ગયું? શું આ કંપનીઓને કોઈ ભાજપ નેતા અથવા રાજકીય પ્રભાવશાળી વ્યક્તિનું સંરક્ષણ મળતું હતું? છેલ્લા 10 વર્ષમાં આ કંપનીઓના માલિકો અને ભાજપના નેતાઓ વચ્ચે થયેલી મુલાકાતો અને વ્યવસાયિક સંબંધોની તપાસ થશે? તે અંગે ભાજપ સરકારનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજકોટ નજીક હડમતાળાની ફાર્મા કંપનીમાં ED દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલા હોવાના પ્રાથમિક અહેવાલો અત્યંત ચિંતાજનક છે. ગુજરાત દેશનું સૌથી મોટું ફાર્માસ્યુટિકલ ઉત્પાદન કેન્દ્ર ગણાય છે. આવી સ્થિતિમાં કરોડો રૂપિયાના ગેરકાયદે નાણાકીય વ્યવહારો, શંકાસ્પદ દવા નિકાસ અને આંતરરાષ્ટ્રીય નેટવર્ક સાથેના સંભવિત સંબંધો સમગ્ર રાજ્યની પ્રતિષ્ઠા પર પ્રશ્નાર્થ ઊભો કરે છે.

જો ગુજરાતના સુરત, અંકલેશ્વર અને અન્ય ફાર્મા હબમાં આવેલી કંપનીઓ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલી હોવાનું EDની તપાસમાં સામે આવ્યું છે, તો રાજ્ય અને કેન્દ્રના ડ્રગ કન્ટ્રોલ વિભાગો આ ગેરકાયદે પ્રવૃત્તિઓને વર્ષો સુધી શોધી કેમ શક્યા નહીં? શું તપાસ હેઠળ આવેલી ફાર્મા કંપનીઓના માલિકો, ડિરેક્ટરો અથવા તેમના સંબંધિત વ્યક્તિઓએ ભાજપ અથવા અન્ય રાજકીય પક્ષોને ફંડિંગ કર્યું છે? સરકાર આ સંબંધોની સંપૂર્ણ માહિતી જાહેર કરશે? શું આ માત્ર વહીવટી નિષ્ફળતા છે કે પછી કોઈ પ્રભાવશાળી લોકોના આશીર્વાદ હેઠળ આ સમગ્ર નેટવર્ક કાર્યરત હતું?

ભાજપ સરકારને સીધા પ્રશ્નો પૂછતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, શું ભાજપ સરકાર સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરાવશે કે કોઈ વર્તમાન અથવા ભૂતપૂર્વ ભાજપ નેતા, તેમના પરિવારજનો અથવા નજીકના સહયોગીઓનો આ ફાર્મા કંપનીઓ સાથે સીધો કે આડકતરો સંબંધ હતો કે નહીં?

જો આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કના તાર ગુજરાત સુધી પહોંચે છે, તો શું રાજ્ય સરકાર તેની નૈતિક જવાબદારી સ્વીકારશે?

શું આ કંપનીઓના માલિકો અથવા ભાગીદારોના કોઈ રાજકીય સંબંધો છે?

છેલ્લા 10 વર્ષમાં આ કંપનીઓની કેટલી વખત તપાસ કરવામાં આવી હતી?

ડ્રગ કન્ટ્રોલ વિભાગે કોઈ અનિયમિતતા નોંધેલી હતી કે નહીં?

ગુજરાતને વિકાસનું મોડેલ ગણાવવામાં આવે છે, પરંતુ જો ગુજરાતની ધરતી પરથી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ અને શંકાસ્પદ દવા નેટવર્કના તાર જોડાતા હોય તો માત્ર કંપનીના સંચાલકો જ નહીં, તેમને સંરક્ષણ આપનાર દરેક વ્યક્તિને કાયદાના સકંજામાં લાવવી જોઈએ. સત્ય બહાર આવવું જોઈએ, ભલે તે કેટલું પણ અસ્વસ્થ કરનારું કેમ ન હોય.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા